### બે-બે શાળાઓના સેંકડો વિદ્યાર્થીઓ માટે માર્ગ બન્યો જોખમી

# વડોદરાના હાથીખાનામાં ખાડારાજ: રામદેવપીરની ચાલીના બિસ્માર રસ્તાઓથી પ્રજા ત્રાહિમામ

**વહીવટી તંત્રના વોર્ડ કચેરીના ધક્કાથી સ્થાનિકોમાં ભારે આક્રોશ**



(પ્રતિનિધિ) વડોદરા, તા.27

સંસ્કારી નગરી વડોદરામાં રોડ-રસ્તાઓની નબળી ગુણવત્તા હવે સામાન્ય પ્રજા માટે અભિશાપ સાબિત થઈ રહી છે. શહેરના હાથીખાના માર્કેટ પાસે આવેલી રામદેવપીરની ચાલી વિસ્તારમાં માત્ર નજીવા વરસાદમાં જ રસ્તાઓની દુર્દશા અરીસાની જેમ સ્પષ્ટ થઈ ગઈ છે. અહીંના માર્ગો પર પડેલા ઊંડા અને મોટા ખાડાઓમાં વરસાદી પાણી ભરાઈ જ જવાના કારણે રોજબરોજ નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે. આ માર્ગ પર નવરત્ન સ્કૂલ અને જીવન સાધના સ્કૂલ જેવી શાળાઓ આવેલી હોવાથી પ્રતિદિન સેંકડો નાના માસૂમ વિદ્યાર્થીઓ, વાલીઓ અને રાહદારીઓ આ જોખમી રસ્તેથી પસાર થવા મજબૂર બન્યા છે. રસ્તા પર ભરાયેલા પાણીના કારણે ઊંડા ખાડાઓનો અંદાજ ન આવતાં અવારનવાર વાહનચાલકો તથા રાહદારીઓ લપસીને પડી જાય છે અને ઈજાગ્રસ્ત થાય છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ તાજેતરમાં જ એક મહિલા પોતાના નાના બાળક સાથે અહીંથી પસાર થતી વખતે ગાડી સાથે ખાડામાં ખાબકી હતી. સદ્નસીબે બાળકીનો આબાદ બચાવ થયો હતો, પરંતુ ચોમાસાની આ સીઝનમાં પાલિકાની ઘોર બેદરકારીને કારણે કોઈ મોટો જાનલેવા અકસ્માત સર્જાય તેની રાહ જોવાઈ રહી છે કે શું તેવો વેધક સવાલ જનતા પૂછી રહી છે. સ્થાનિક રહીશો દ્વારા આ ગંભીર સમ સ્યા અંગે વડોદરા મહાનગરપાલિકાના અધિકારીઓ અને સ્થાનિક કાઉન્સિલરોને અનેકવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ તંત્ર દ્વારા માત્ર આશ્વાસનો જ આપવામાં આવ્યા છે.

### વડોદરાવાસીઓ માટે મોટી રાહત

# એડવાન્સ વેરા રિબેટ યોજનાની મુદતમાં વધારો, હવે તા. ૧૦ ઓગસ્ટ સુધી મળશે ૧૧% સુધીનું વળતર

**ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૧.૮૭ લાખથી વધુ કરદાતાઓએ લીધો યોજનાનો લાભ, ૧૭૭.૨૫ કરોડની મિલકત વેરા આવક પ્રાપ્ત**

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના કરદાતાઓ માટે એક મહત્વપૂર્ણ અને રાહતદાયક નિર્ણય લેવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૬-૨૭ની પ્રોત્સાહક એડવાન્સ વેરા રિબેટ યોજના અંતર્ગત જે કરદાતાઓના વેરા ભરવાના બાકી રહી ગયા છે, તેમને સદર યોજનાનો લાભ મળી રહે અને પાલિકાની આવકમાં પણ વધારો થાય તેવા ઉમદા હેતુસર આ યોજનાની મુદત આગામી તા. ૧૦-૦૮-૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.ચાલુ વર્ષે તા. ૨૭-૦૭-૨૦૨૬ સુધી એડવાન્સ રિબેટ યોજનામાં મિલકત વેરાની કુલ આવક ૧૭૭.૨૫ કરોડ થયેલ છે. વર્ષ ૨૦૨૬-૨૭ના એડવાન્સ મિલકત વેરો ઓનલાઈન ભરનાર કરદાતાઓને રહેણાંક મિલકત માટે ૧૧% અને બિન-રહેણાંક મિલકત માટે ૬% વળતર મળે છે, જ્યારે ઓફલાઈન મિલકત વેરો ભરનાર કરદાતાઓને રહેણાંક મિલકત માટે ૧૦% અને બિન-રહેણાંક મિલકત માટે ૫% વળતર મળવાપાત્ર છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ઓનલાઈન પેમેન્ટ કરનાર ૧,૪૩,૯૭૩ કરદાતાઓની ૯૩૦.૦૮ કરોડની આવક પ્રાપ્ત થઈ છે, તેમજ ઓફલાઈન પેમેન્ટ કરનાર ૪૪,૦૨૦ કરદાતાઓની ૩૫.૪૨ કરોડની આવક પ્રાપ્ત થઈ છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ રૂ. ૧૦.૮૧ કરોડનું વળતર કરદાતાઓને આપવામાં આવ્યું છે. મુદત પૂર્ણ થયા બાદ ઓગસ્ટ માસમાં રેગ્યુલર વેરાબીલ આપવાની કાર્યવાહી હાથ ધરાશે.

### તાજેતરમાં ભારે વરસાદને પગલે જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી

# ભાયલીમાં વરસાદ બાદ રોગચાળો અટકાવવા યુદ્ધના ધોરણે સફાઈ અભિયાન

**વોર્ડ નં. 10 ની સેનેટરી ટીમ દ્વારા ભાથીજી મંદિર, વણકરવાસ અને ઠાકોર ફળિયામાં વિશેષ સફાઈ**

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા :- શહેર નજીક આવેલા ભાયલી ગામે થોડા દિવસો પહેલા પડેલા ધોધમાર વરસાદના કારણે સર્જાયેલી જળબંબાકારની પરિસ્થિતિ અને નીચાણવાળા વિસ્તારોમાં ઘરોમાં પાણી ઘૂસી જવાની ઘટના બાદ હવે સ્થિતિ સામાન્ય થઈ રહી છે. પાણી ઓસરતાની સાથે જ ગ્રામજનોના સ્વાસ્થ્યની રક્ષા માટે વડોદરા મહાનગર સેવા સદનનું તંત્ર અને સફાઈ કર્મચારીઓ સક્રિય બન્યા છે. વોર્ડ નંબર ૧૦ ના વેસ્ટ ઝોનની



સેનેટરી ટીમ દ્વારા ભાથીજી મંદિર વિસ્તાર, વણકરવાસ અને ઠાકોર ફળિયા સહિતના વિસ્તારોમાં યુદ્ધના ધોરણે વિશેષ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. વરસાદના વિરામ બાદ કાદવ-કીચડ અને કચરાના કારણે પાણીજન્ય કે જંતુજન્ય રોગચાળો ન ફેલાય તે માટે તંત્ર દ્વારા ખાસ આગોતરા પગલાં લેવામાં આવી રહ્યા છે. સફાઈ ટીમે રાત-દિવસ એક કરીને ગંદકી દૂર કરવા સાથે બ્રશિંગ અને જંતુનાશક દવાઓનો છંટકાવ કરવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી છે. વિસ્તારના પ્રત્યેક ખૂણેથી કચરો સાફ કરીને સમગ્ર વાતાવરણને સ્વચ્છ અને સુરક્ષિત બનાવવામાં આવી રહ્યું છે. સ્થાનિક તંત્ર અને સામાજિક આગેવાનોની સરાહનીય ભૂમિકા પૂરની વિકટ પરિસ્થિતિ દરમિયાન અસરગ્રસ્તોને ભાયલી કન્યાશાળામાં આશરો આપીને સવાર, બપોર અને સાંજ ત્રણેય ટાઈમ ભોજન તથા નાસ્તાની ઉત્તમ સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. કોર્પોરેશનના અધિકારીઓ અને સફાઈ કર્મીઓએ ખડેપગે રહીને જે કામગીરી કરી છે તેની સ્થાનિક લોકોએ મુક્તકંઠે પ્રશંસા કરી છે.

### સંજયનગરના દારૂના અડ્ડા પર સમા પોલીસનો દરોડો

# બે મહિલા બુટલેગર ઝડપાઈ, મુખ્ય આરોપી મહેશ માળી ફરાર

**205 બોટલ અને બીયરના ટીન સહિત રૂ.1.15 લાખનો મુદ્દામાલ જપ્ત, નંબર પ્લેટ વગરનું એક્સેસ મોપેડ પણ કબજે**

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરાના સમા વિસ્તારમાં પ્રોહિબિશન વિરોધી ઝુંબેશ દરમિયાન સમા પોલીસે સંજયનગરના માળી મહોલ્લામાં દારૂના અડ્ડા પર સફળ દરોડો પાડી બે મહિલા બુટલેગરોની ધરપકડ કરી છે. પોલીસે સ્થળ પરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની 205 બોટલ અને બીયરના ટીન સહિત રૂ.1.15 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે, જ્યારે મુખ્ય આરોપી મહેશ ભુપેન્દ્રભાઈ માળી પોલીસ પકડથી ફરાર થઈ ગયો છે. સમા પોલીસ સ્ટેશનના ટ્રાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસ દ્વારા સંજયનગરમાં દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન ઘરમાંથી વિદેશી દારૂની કાચ તથા પ્લાસ્ટિકની બોટલો અને બીયરના ટીન મળી 205 નંગ દારૂનો જથ્થો કિંમત રૂ.90 હજાર જપ્ત કરવામાં આવ્યો હતો. ઉપરાંત નંબર પ્લેટ વગરનું સુઝુકી એક્સેસ મોપેડ પણ કબજે કરવામાં આવ્યું હતું. બંને મળી કુલ રૂ.1.15 લાખનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે. આ કાર્યવાહીમાં પોલીસે ગુજરાબેન મહેશ માળી અને મીનાબેન રાજુભાઈ માળીની ધરપકડ કરી છે. તપાસ દરમિયાન મુખ્ય આરોપી મહેશ ભુપેન્દ્ર માળી સ્થળ પરથી ફરાર હોવાનું સામે આવ્યું હતું.

## 83 વર્ષની મહિલાની ઓપન-હાર્ટ સર્જરી વિના સફળ હૃદય સારવાર

વડોદરા : વડોદરાની સ્ટર્લિંગ હોસ્પિટલ (રેસ કોર્સ રોડ) ખાતે 83 વર્ષીય મહિલા દર્દીનું અદ્યતન માયક્લિપ (MitraClip) ટેક્નોલોજી દ્વારા ગંભીર માઈટ્રલ વાલ્વ રિગર્જિટેશનનું સફળતાપૂર્વક નિદાન અને સારવાર કરવામાં આવી છે. ભાયલીની રહેવાસી આ દર્દી હાઈપરટેન્શન અને સતત શ્વાસ લેવામાં તકલીફની ફરિયાદ સાથે હોસ્પિટલમાં દાખલ થયા હતા. તપાસમાં ગંભીર માઈટ્રલ વાલ્વ રિગર્જિટેશન અને માઈટ્રલ વાલ્વ પ્રોલેપ્સ હોવાનું સામે આવ્યું હતું. ડૉ. વી.સી. ચૌહાણ અને ડૉ. મણિક ચોપરાના માર્ગદર્શન હેઠળ દર્દી પર ટ્રાન્સકેથેટર એજ-ટુ-એજ રિપેર (TEER) પ્રક્રિયા માયક્લિપ ઉપકરણની મદદથી સફળતાપૂર્વક કરવામાં આવી. આ મિનિમલી ઈન્વેસિવ પ્રક્રિયામાં છાતી ખોલ્યા વગર લીક થતા માઈટ્રલ વાલ્વનું સમારકામ કરવામાં આવે છે,

### વડોદરાના નવાયાર્ડ વિસ્તારમાં તંત્રની ઉદાસીનતા દેખાઇ

# શહીદ સ્મારકની ઘોર ઉપેક્ષા, વીર જવાનના સ્મારક પાસે ગંદકીનું સામ્રાજ્ય

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

દેશભરમાં ૨૬ જુલાઈના રોજ શ્રદ્ધા અને ઉત્સાહ સાથે 'કારગિલ વિજય દિવસ' ઉજવવામાં આવ્યો અને ભારત માતાના વીર શહીદોને નમન કરવામાં આવ્યા, ત્યારે સંસ્કારી નગરી વડોદરામાંથી એક અત્યંત શરમજનક વાસ્તવિકતા સામે આવી છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા પાછળ કરોડો રૂપિયાનો આંધણ કરવામાં આવી રહ્યો છે અને સ્માર્ટ સિટીના દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે, જેનું જીવંત ઉદાહરણ નવાયાર્ડ વિસ્તારમાં જોવા મળ્યું છે. નવાયાર્ડ વિસ્તારમાં દેશની સરહદ અને નાગરિકોની રક્ષા માટે પોતાના પ્રાણની આહુતિ આપનાર વીર શહીદ આરિફ પઠાણનું સ્મારક આવેલું છે. આ સ્મારકની તખતી પાસે જ તંત્ર અને બેદરકાર સફાઈ એજન્સીની નિષ્ક્રિયતાના



કારણે કચરાના મોટા-મોટા ઢગલા અને ગંદકી ફેલાયેલી જોવા મળી છે. જે શહીદે દેશ માટે પોતાનું લોહી વહાવ્યું, તેવા દેશપ્રેમીના સ્મારક આગળ જ કચરાનું સામ્રાજ્ય ઊભું થઈ જવું તે અત્યંત ધિક્કારપાત્ર ઘટના છે. કારગિલ વિજય દિવસના બીજા જ દિવસે શહીદના સ્મારકની આ પ્રકારે થયેલી ઘોર ઉપેક્ષાને કારણે સ્થાનિક નાગરિકો અને શહીદના પરિવારજનોની લાગણી દુભાઈ છે.

## ગુરુપૂર્ણિમાએ વ્યસન મુક્તિને અપાશે પ્રાધાન્ય

વડોદરા : વડોદરા જિલ્લાના માલસર સ્થિત શ્રી ગજાનન આશ્રમ દ્વારા આગામી ગુરુપૂર્ણિમા મહોત્સવ-2026ની ઉજવણી અનોખી થીમ સાથે કરવામાં આવશે. આશ્રમના પૂજ્ય ગુરુજીએ જાહેરાત કરી છે કે મહોત્સવમાં ભાગ લેવા આવનારા ભક્તો



અને શિષ્યોએ વ્યસનમુક્ત રહેવાનો સંકલ્પ લેવો જરૂરી રહેશે. દારૂ, તમાકુ, ગુટખા સહિત કોઈપણ પ્રકારનું વ્યસન કરનારાઓને ગુરુપૂજન અથવા મંત્રદીક્ષા માટે પ્રવેશ આપવામાં નહીં આવે. આશ્રમના જણાવ્યા મુજબ છેલ્લા 27 વર્ષથી ગુરુપૂર્ણિમાની ઉજવણી વિવિધ સામાજિક સંદેશો સાથે કરવામાં આવે છે. આ વર્ષે યુવાનોને વ્યસનમુક્ત જીવન, પ્રકૃતિ સંરક્ષણ, પર્યાવરણ જાળવણી અને પ્રાકૃતિક તથા ઓર્ગેનિક ખેતી તરફ પ્રેરિત કરવાનો મુખ્ય ઉદ્દેશ રાખવામાં આવ્યો છે.

### કમરતોડ ખાડાઓથી વાહનચાલકો પરેશાન

# માંડવી-પાણીગેટ માર્ગની હાલત બદતર, મોટામોટા ખાડાઓમાં વાહનો પટકાય છે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૭

શહેરના વોર્ડ નંબર ૧૪ માં આવેલા માંડવીથી પાણીગેટ તરફ જતા મુખ્ય માર્ગ પર પડેલા ખાડાઓ હવે માત્ર વાહનચાલકોની કમર જ નથી તોડતા, પરંતુ પાલિકાના તંત્રની પોલ અને બેદરકારીની પણ આબરૂના ધજાગરા ઉડાડી રહ્યા છે. આ રોડ પર વાહન ચલાવવું એટલે કોઈ સાહસિક રમત કે સીધા મૃત્યુને આમંત્રણ આપવા સમાન બની ગયું છે. ક્યાંક મોટો ખાડો છે તો ક્યાંક આખો રસ્તો જ ખાડામાં ગરકાવ થઈ ગયો છે. વાહનચાલકો પોતાની ગાડી બચાવવા જાય તો બાજુના વાહન સાથે અથડાય અને ખાડામાં પડે તો કરોડરજ્જુનું ઓપરેશન નક્કી. આ સ્થિતિએ રોજબરોજ અકસ્માતોને ખુલ્લું આમંત્રણ આપ્યું છે. મહાનગરપાલિકાના સત્તાધીશો અને



જવાબદાર અધિકારીઓની આંખ પર એવું તો કયા રંગના ચશ્મા ચડ્યા છે કે તેમને આ ખાડાઓ દેખાતા જ નથી ? શું પાલિકા કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેની રાહ જોઈને બેઠી છે ? પ્રજાના પરસેવાની કમાણીમાંથી વેરો વસૂલતી આ પાલિકા પ્રત્યે જનતાનો આક્રોશ સાતમા આસમાને પહોંચ્યો છે.

### નિશિતા રાજપૂત દ્વારા ૨૦૦ કુવારિકાઓને ડ્રાયફ્રુટ વિતરણ કરાયું

# ૫૧ મુસ્લિમ વિદ્યાર્થીનીઓએ વ્રત કરતી હિન્દુ બાળકીઓને કમાટીબાગમાં મહેંદી મૂકી

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

ગૌરી વ્રતના પ્રથમ દિવસે 'આર એન્ડ કે પંડ્યા સ્કૂલ'ની ૫૧ મુસ્લિમ વિદ્યાર્થીનીઓએ વ્રત કરતી હિન્દુ બાળકીઓના હાથ પર મહેંદી મૂકી હતી. વિવિધતામાં એકતા અને કોમી અખંડિતતાનો સુંદર સંદેશ આપતાં, આ મુસ્લિમ બાળકીઓએ હિન્દુ બાળકીઓના હાથ પર સુંદર ડિઝાઈન દોરીને તેમના ચહેરા પર ખુશી લાવી દીધી હતી.

આ સમગ્ર આયોજન વડોદરાના સામાજિક કાર્યકર નિશિતા રાજપૂતનો વિચાર હતો, જેઓ વર્ષોથી આ બાળકીઓના શિક્ષણમાં સહયોગ આપી રહ્યા છે અને તેમની સાથે દરેક તહેવાર ઉજવે છે. ગૌરી વ્રત તહેવારના પ્રથમ દિવસે, નિશિતા રાજપૂતે તેમના ૧૮ વર્ષ જૂના બેટી બચાવો અને બેટીઓને ખુશીઓ આપો₹ના મિશનને આગળ ધપાવતા, ઉપવાસ કરતી ૨૦૧ જરૂરિયાતમંદ બાળકીઓને ડ્રાયફ્રૂટ કિટ્સનું વિતરણ કર્યું હતું. આ વાર્ષિક પહેલ દ્વારા, તેઓ સુનિશ્ચિત કરે છે કે ગરીબ અને જરૂરિયાતમંદ બાળકીઓ પણ ગૌરવ, આનંદ અને સંભાળ સાથે તેમના તહેવારો ઉજવી શકે છે. આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ આર એન્ડ કે



પંડ્યા સ્કૂલની ૫૧ મુસ્લિમ બાળકીઓનું હૃદયસ્પર્શી યોગદાન હતું. જેમણે વ્રત રાખનાર હિન્દુ બાળકીઓના હાથ પર પ્રેમપૂર્વક મહેંદી મૂકી હતી. આ દ્રશ્ય કોમી એકતા, પરસ્પર આદર અને ભારતની વિવિધતામાં એકતાનું પ્રતીક બન્યું હતું. ત્યારબાદ નિશિતા રાજપૂતે આ બાળકીઓને તેમના આ સુંદર કાર્ય માટે સન્માનિત

# વડોદરાના ફતેગંજમાં છ મહિના પહેલાં બનેલો રોડ બેસી ગયો

**લેડી પિલર હોસ્પિટલ માર્ગ પર બ્લ્યુ ડાયમંડ બિલ્ડિંગ પાસે રસ્તામાં મોટી તિરાડો પડતાં વાહનચાલકો જોખમમાં; સ્થાનિકોમાં ભારે રોષ**

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં પાલિકા અને કોન્ટ્રાક્ટરની નબળી કામગીરીનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. ફતેગંજ વિસ્તારમાં આવેલી લેડી પિલર હોસ્પિટલ તરફ જતા માર્ગ પર બ્લ્યુ ડાયમંડ બિલ્ડિંગ પાસે રોડ પર અચાનક મોટો ભૂવો પડી ગયો છે અને માર્ગની વચ્ચે મોટી તિરાડો પડી ગઈ છે. અહીં ખાસ નોંધનીય બાબત એ છે કે આ રોડનું નિર્માણ માત્ર છ મહિના પહેલા જ કરવામાં આવ્યું હતું. ટૂંકા સમયગાળામાં જ નવો બનેલો રોડ બેસી જતાં અને તેમાં તિરાડો પડી જતાં કામગીરીની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. માર્ગ પર પડેલા ભૂવા અને મોટી તિરાડોના કારણે વાહનચાલકો અને રાહદારીઓ માટે અકસ્માતનો મોટો ભય ઊભો થયો છે, જેને લઈને સ્થાનિક રહીશોમાં ભારે રોષ અને અસંતોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ આ નબળી ગુણવત્તાવાળા કામ સામે તપાસ કરી તુરંત સમારકામ કરવાની માંગ ઉઠાવી છે.

# પાદરામાં ગૌરી વ્રત નિમિત્તે પંચાલ સેવા સમાજ દ્વારા દીકરીઓનું સન્માન

વડોદરા : દિવ્ય સંસ્કારો અને ભક્તિના પવિત્ર પર્વ ગૌરી વ્રત નિમિત્તે પાદરા ખાતે પંચાલ સેવા સમાજ દ્વારા એક પ્રેરણાદાયી અને ભાવસભર કાર્યક્રમ યોજાયો હતો. ₹સત્યના સંકલ્પનો દાતા ભગવાન₹ ના પવિત્ર સુવાક્યને શિરોધાર્ય કરીને વિશ્વકર્મા સમાજની વ્રતધારી દીકરીઓનું વિશેષ પૂજન અને કીટ વિતરણ સમારોહ



યોજવામાં આવ્યો હતો. ધાર્મિક પરંપરા સાથે આયોજિત આ સમારોહમાં વ્રત કરીને તપશ્ચર્યા કરી રહેલી નાની-મોટી દીકરીઓને આદરપૂર્વક આમંત્રિત કરવામાં આવી હતી. પંચાલ સેવા સમાજના પ્રમુખ શૈલેષ પંચાલ સ્વામીના માર્ગદર્શન હેઠળ સમાજના અગ્રણીઓ અને માતૃશક્તિની ઉપસ્થિતિમાં દીકરીઓને કુમકુમ ચાંદલો, અક્ષત અને પુષ્પહાર અર્પણ કરી ભાવપૂર્વક પૂજન કરાયું હતું.

## વડોદરામાં વોટરપાર્ક અને વોટર પ્લેઝોનની પ્રવૃત્તિઓ માટે ૩૦ જુલાઈ સુધી વાંધા-સૂચન મંગાવાયા

વડોદરા : શહેરમાં અને જિલ્લામાં આવેલા વોટરપાર્ક તેમજ વોટર પ્લેઝોનમાં આવતા નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે વહીવટી તંત્ર દ્વારા એક મહત્વપૂર્ણ અને આવકારદાયક પગલું ભરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર અનિલ ધામેલિયાના માર્ગદર્શન હેઠળ અને ડિસ્ટ્રીક્ટ વોટર પાર્ક કમિટીના પરામર્શથી વડોદરા જિલ્લા માટે ₹વોટરપાર્ક/વોટર પ્લેઝોન એક્ટિવિટી માટેના નિયમો-૨૦૨૬₹ નો વિગતવાર ડ્રાફ્ટ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યો છે. વર્તમાન સમયમાં મનોરંજન માટેના આ સ્થળો પર વધતી ભીડ અને જોખમી રાઈડ્સને ધ્યાનમાં રાખીને આ નિયમો બનાવવામાં આવ્યા છે.


**ઓનલાઇન ટેન્ડરીંગ**

નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
"ઇ" પ્રોક્યોરમેન્ટ નોટીસ નં.૦૭ સને ૨૦૨૬-૨૭
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ યોજના વિભાગ, પાનમ કોલોની, ગોધરા-૩૮૯૦૦૧ જી.પંચમહાલ, ફોન નં.(૦૨૬૭૨) ૨૪૧૮૧૨ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઇજારદારો પાસેથી ૦૧ (એક) કામો માટે ઓનલાઇન ભાવો એસ.બી.ડી ફોર્મ માં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ.૪૬.૮૭ લાખ સુધીની છે.

ઓનલાઇન ટેન્ડર ડોક્યુમેન્ટ વેબ સાઇટ http://nwr.nprocure.com પર તા.૦૭/૦૮/૨૦૨૬, ૧૮-૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે.

જ્યારે કામના ઓનલાઇન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટ તા.૧૪/૦૮/૨૦૨૬, ૧૮-૦૦ કલાક સુધી રજી.પોસ્ટ એડી.થી મોકલવાના રહેશે.

વધુ વિગતો માટે ઉપરોક્ત વેબસાઇટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાધવા વિનંતી.

માહિતી/ગોધરા/૩૪૨/૨૬



**વડોદરા મહાનગરપાલિકા**

https://.vmc.gov.in

આકારણી શાખા

એડવાન્સ વેરા પ્રોત્સાહક વળતર યોજના વર્ષ ૨૦૨૬-૨૭ ની મુદતમા વધારો કરવા બાબત

વડોદરા મહાનગરપાલિકા દ્વારા વડોદરા શહેરની હદમાં આવેલી તમામ મિલકતોના સને ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે કુલ મિલકત વેરાની રકમ પાછલા વર્ષોની બાકી સહ પુરેપુરી એડવાન્સમાં ભરપાઇ કરનાર કરદાતાઓ માટેની એડવાન્સ વેરા પ્રોત્સાહક વળતર યોજના વર્ષ:૨૦૨૬-૨૭ ની મુદત તા.૧૦-૦૮-૨૦૨૬ સુધી વધારવામા આવે છે.

- રહેણાંક હેતુ ની મિલકતના પ્રોપર્ટી ટેક્ષમાં ૧૦ % વળતર
- બિન રહેણાંક હેતુની મિલકતના પ્રોપર્ટી ટેક્ષની રકમમાં ૫ % વળતર, તથા
- ઉપરોક્ત બંન્ને કિસ્સામાં એડવાન્સમાં વેરાની રકમ ઓનલાઇન ભરનાર કરદાતાઓને વધુ ૧% વળતર આપવાની યોજના જાહેર કરેલ છે. વધુમાં કોઇ કરદાતાઓ ચાલુ નાંણાકીય વર્ષના મિલકતવેરાની રકમ સદર યોજના દાખલ થતા પહેલાં એડવાન્સમાં ભરેલ હોય તો તેઓને પણ સદર યોજનાનો લાભ આપવામાં આવશે.
- સદર યોજના તારિખ તા.૧૦-૦૬-૨૦૨૬ થી તા.૨૪-૦૭-૨૦૨૬ સુધી અમલમાં હતી તેમાં વધુ તા.૧૦-૦૮-૨૦૨૬ સુધી વધારો કરેલ છે.
- કરદાતાઓએ જે તે મિલકતનો વર્ષ ૨૦૨૬-૨૭ નો પ્રોપર્ટી ટેક્ષ આગળના વર્ષોની કોઇ રકમ બાકી હોય તો તેની સાથે ભરે તો જ આ યોજનાનો લાભ આપવામાં આવશે.
- સદર વળતર પ્રોપર્ટી ટેક્ષની રકમ પૈકી સામાન્ય કર, પાણીકર અને કન્ઝરવન્સી અને સુએરેઝ ટેક્ષની રકમ પર મળવાપાત્ર રહેશે.

ઉપરોક્ત યોજનાનો લાભ લેવા તમામ કરદાતાઓને જણાવવામાં આવે છે. મિલકત વેરાની રકમ કોઇ પણ વહીવટી વોર્ડ નં. ૦૧ થી ૧૯ ની કચેરીમાં કામકાજનાં દિવસ દરમ્યાન સવારના ૯.૩૦ કલાકથી બપોરના ૩.૦૦ કલાક સુધીમાં રૂબરૂ તથા વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પર ઓનલાઇન પણ ભરી શકાશે.

પી.આર.ઓ નં./૨૪૮/૨૦૨૬-૨૭ મ્યુનિસિપલ કમિશનર



**આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ** Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસ: ઓફિસ નં. ૫૦૧ અને ૫૦૩, ૫મો માળ, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઇસ્ટ, મુંબઈ સબર્બન (જિલ્લો) મહારાષ્ટ્ર - ૪૦૦૦૭૨
વડોદરા શાખા: યુનિટ નં. SF-૨૦૧, બીજો માળ, સિલ્વર ફોર્ચ્યુન બિલ્ડિંગ, જૈન મંદિર પાસે, અકોટા ગાય સર્કલ રોડ, અકોટા, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૨૦

**પરિશિષ્ટ IV: કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

આથી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારી તરીકે અધોહસ્તાક્ષરકર્તાએ, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ સાથે વાંચવામાં આવતી કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાઓની રૂએ નીચે દર્શાવેલ લોનધારક(કો)/જામીનદાર(કો)ને નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ચૂકવી આપવા માટે ડિમાન્ડ નોટિસ ઇશ્યૂ કરી હતી. લોનધારક રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી લોનધારક(કો)/જામીનદાર(કો) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરકર્તાએ સદર અધિનિયમની કલમ ૧૩ની ઉપ-કલમ (૪) સાથે વાંચવામાં આવતા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮ હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવ્યા મુજબની મિલકતનો કબજો મેળવી લીધો છે.સિક્યોર્ડ એસેટ્સ છોડાવવા માટે ઉપલબ્ધ સમય અંગે, લોનધારકનું ધ્યાન આ કાયદાની કલમ ૧૩ની ઉપ-કલમ (૮)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે. ખાસ કરીને લોનધારક અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર નીચે જણાવેલ રકમ અને તેના પરના વ્યાજ માટે AHFLના ચાર્જ હેઠળ રહેશે.

| અ. નં. | લોનધારક(કો)/ સહ-લોનધારક(કો) ના નામ (શાખાનું નામ) | સિક્યોર્ડ એસેટ્સનું વર્ણન (સ્થાવર મિલકત) | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | કબજાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. 03810000228 / વડોદરા શાખા) ભાવેશ રણજીતભાઈ સોલંકી (લોનધારક) ગીતા બેન રણજીતભાઈ સોલંકી અને રણજીતકુમાર સોલંકી (સહ-લોનધારક) | ફ્લેટ નં. M 504, 5મો માળ, મારુતિ હાઇટ્સ (EWS પ્રોજેક્ટ), કમલા નગર તળાવ રોડ, FP નં. 126, વડોદરા, ગુજરાત - 390019 સ્થિત મિલકતનો તમામ ભાગ અને હિસ્સો. ચતુર્સીમા: પૂર્વ: ટાવર - H, પશ્ચિમ: M-501, ઉત્તર: M-503, દક્ષિણ: M-505 | 14-04-2026 & ₹ 3,06,484/- | 25-07-2026 |

સ્થળ: ગુજરાત
તારીખ: ૨૮.૦૭.૨૦૨૬

અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ



ઇંડિયન બૈંક Indian Bank — इलाहाबाद ALLAHABAD

ઝોનલ ઓફિસ સુરત : ૧૦૧-૧૦૨, ત્રીજો માળ, વેસ્ટ ફિલ્ડ સ્કેવર, સુરત-૩૯૫૦૦૭

**ઈ-હરાજી વેચાણ નોટિસ સ્થાવર મિલકતોના વેચાણ માટે (જુઓ પ્રોવિસો નિયમ ૮(૬)) એનેક્ષર-II**

Bank Website E-Auction Website

ધી સીક્યુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શીયલ એસેટસ્ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ,૨૦૦૨, જેને સીકયોરીટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈ સહિત વંચાણે લેતા નીચે જણાવેલ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી. આથી જાહેર જનતા ને સાધારણ રીતે અને નીચે જણાવેલ કરજદાર(રો) અને જામીનદાર(રો) ને વિશેષ રીતે જણાવવાનું કે નીચે મુજબની સ્થાવર મિલકતો ઈંડિયન બેંક પાસે ગિરવે રાખેલ / ચાર્જ કરેલ છે. જે સ્થાવર મિલકતોનો સાંકેતિક /પ્રત્યક્ષ કબજો ઈંડિયન બેંક ના અધિકૃત અધિકારી દ્વારા લઈ લેવામાં આવેલ છે. સિકયોર્ડ ક્રેડિટર દ્વારા જે તમામ ને ''જેમ છે જયાં છે અને જેવી છે તેવી છે'' ના ધોરણે તારીખ 07/09/2026 ના રોજ નીચે જણાવેલ ખાતાઓ પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. કરજદારો/જામીનદારો/મિલકતો/અનામત કિમંત/ઈએમડી અને ઈ-ઓકશનની તારીખની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ નં. | શાખા | કરજદાર/ જામીનદારો/ મોર્ગેજરોના નામ | તારીખા ના રોજ કુલ બાકી | ડિમાન્ડ નોટીસની તારીખ | સાંકેતિક / પ્રત્યક્ષ કબજા હેઠળની સ્થાવર મિલકતનું ચતુ: દિશા સહિતનું વર્ણન તેમજ અન્ય બોજા ની વિગત, જો કોઈ હોય તો. | કબજાનો પ્રકાર | અનામત કિમંત / ઈએમડી (રૂા.) | મિલકતનો ID નંબર. | અધિકૃત અધિકારીનું નામ અને મો.નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | બરોડા રાજમહેલ રોડ | શ્રી મકવાણા હસમુખ નટવરભાઈ (કરજદાર અને મોર્ગેજર) | તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજની બાકી રૂા. ૨૦,૬૭,૦૩૫.૪૮ | ૧૬/૦૩/૨૦૨૬ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાવર રહેણાંક મિલકત જે જાણીતી યોજના ''કૃપા રેસીડેન્સી'' ફ્લેટ નં. સી-૨૦૩, બીજો માળ, ટાવર-સી, એપીએમસી માર્કેટ સામે, આજવા રોડ, વડોદરા. જેના બિલ્ટપ વિસ્તારનું માપ ૭૫.૨૫ ચો.મીટર્સ અને ૨૬.૬૦ ચો.મીટર્સ માપ ધરાવતા કોમન રસ્તા અને કોમન પ્લોટની જમીનમાં અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિત. જે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૫૮૮/પી, ફાઈનલ પ્લોટ નં. ૧૨ (જૂનો ફાઈનલ પ્લોટ નં.૧૦), ટી.પી. સ્કીમ નં. -૨, મોજે ગામ: સયાજીપુરા વડોદરા સહિત નોંધણી જિલ્લો અને સબ જિલ્લો વડોદરા. મિલકતની ચર્તુદિશા: ઉત્તરે: લાગુ ટાવર-ડી, દક્ષિણે: લાગુ ફ્લેટ નં. સી-૨૦૨, પૂર્વે: લાગુ ફ્લેટ નં. સી-૨૦૪, પશ્ચિમે: લાગુ ફાઈનલ પ્લોટ નં. ૧૩. | સાંકેતિક | 19,45,000/- / 1,94,500/- | IDIB30653406313 | Mr. Rameshwar Lal Prajapat (M) 7568507016 |
| ૨. | પર્વત પાટીયા, સુરત | (૧) શ્રીમતિ વિદ્યાબેન સોનવણે (કરજદાર અને મોર્ગેજર) (૨) શ્રી સોનવણે યોગેશભાઈ (કરજદાર) | તા.૨૨/૦૭/૨૦૨૬ ના રોજની બાકી રૂા. ૨૪,૨૭,૬૬૦.૯૫ | ૧૨/૦૩/૨૦૨૬ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેઠાણ મિલકત ''સ્વસ્તિક વિલા'' પ્લોટ નં. ૪૪, સબ પ્લોટ નં. ૦૩, વિસ્તાર ૪૨.૪૫ ચો.મીટર્સ. સીઓપી અને રસ્તા સહિત અવિભાજીત જમીન માર્જીન આશરે માપ ૨૪.૬૧ ચો.મીટર્સ. સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૧૮૦, બ્લોક નં. ૨૧૨, ટીપીએસ નં. ૬૨, ફાઈનલ પ્લોટ નં. ૧૬ પૈકી, રૂદ્ર રેસીડેન્સીની બાજુમાં, તક્ષશિલા હાઈટ્સ સામે, સુમુખ રેસીડેન્સી નજીક, ડિંડોલી રોડ, ડિંડોલી, તાલુકો: ઉધના સીટી, જિલ્લો: સુરત, ગુજરાત. જે શ્રીમતિ વિદ્યાબેન સોનવણે અને શ્રી સોનવણે ચેતન યોગેશ ના નામની. જેની ચર્તુદિશા: ઉત્તરે: જોડાયેલ સોસાયટી નો રસ્તો, દક્ષિણે: જોડાયેલ પ્લોટ નં. ૩૭, પૂર્વે: જોડાયેલ પ્લોટ નં. ૪૩, પશ્ચિમે: જોડાયેલ પ્લોટ નં. ૪૫. | સાંકેતિક | 30,60,000/- / 3,60,000/- | IDIB30539968624 | Mr. Sandeep S Shinde (M) 7558296811 |
| ૩. | રાજપીપળા | શ્રી ભોઈ ધનસુખભાઈ જેઓ કચરાભાઈના પુત્ર | તા.૨૨/૦૭/૨૦૨૬ ના રોજની બાકી રૂા. ૨૧,૨૨,૬૮૫.૨૦ | ૦૯/૦૩/૨૦૨૬ | તમામ ભાગ તથા હિસ્સો ધરાવતી ફ્રી હોલ્ડ સ્થાયી મિલકત બ્લોક/રે.સર્વે નં. ૮૯૧/૩૪, પ્લોટ નં. ૩૪, ચંદ્ર વિલા સોસાયટી, રાજપીપળા, તા.-નાંદોદ, જિ. નર્મદા, ગુજરાત રાજ્ય. જે શ્રી ભોઈ ધનસુખભાઈ જેઓ કચરાભાઈના પુત્રના નામની મિલકત. મિલકતની ચતુ:દિશા: ઉત્તરે: પ્લોટ નં. ૩૧, દક્ષિણે: ૬ મીટર રસ્તો, પૂર્વે: પ્લોટ નં. ૩૫, પશ્ચિમે: પ્લોટ નં.૩૩. | સાંકેતિક | 19,94,000/- / 1,99,400/- | IDIB30235790305 | Mr. Deepak Kumar Vaishnav (M) 9950075555 |

બીડ વધારવાની કિમંત રૂા.૧૦,૦૦૦/- | ઈચ્છુક બિડરો/ખરીદારોએ ઈએમડીની રકમ પોર્ટલના તેમના ગ્લોબલ ઈએમડી વોલેટમાં તા.૦૭/૦૯/૨૦૨૬ સુધીમાં ટ્રાન્સફર કરવાના રહેશે, એટલે કે, ઈ-ઓકશન તારીખ અને સમય પહેલા.

મિલકત નિરીક્ષણની તારીખ અને સમય : ૨૮/૦૭/૨૦૨૬ થી ૦૫/૦૯/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન ઈ-ઓકશનની તારીખ અને સમય : ૦૭/૦૯/૨૦૨૫ સવારે ૧૦.૦૦ થી બપોરે ૫.૦૦ (દરેક માટે ૧૦ મિનીટસના અનલિમીટેડ વિસ્તરણ સાથે)

Bidders are advised to visit the website (https://baanknet.com) of our e auction serviceprovider PSB Alliance Pvt. Ltd to participate in online bid. For Technical Assistance Please call PSB Alliance Pvt. Ltd Helpdesk No.8291220220, email ID: - support.baanknet@psballiance.com and other help line numbersavailable in service providers help desk. For Registration status with PSB Alliance Pvt. Ltd.and EMD status, please contact support.baanknet@psballiance.com. For property details and photograph of the property and auction terms and conditions please visit: https://baanknet.com and for clarifications related to this portal, please contact Helpdesk No.8291220220 Bidders are advised to use Property ID Number mentioned above while searching for the property in the website with https://baanknet.com

તારીખ: ૨૭/૦૭/૨૦૨૬,
સ્થળ: સુરત.

સરફેસી એકટ, ૨૦૦૨ હેઠળ દેણદારો/ ગિરવેદારોને ૩૦ દિવસની વેચાણ નોટિસ
(વેચાણ નોટીસના અંગ્રેજી ભાષા કરતા જો અન્ય ભાષામાં હોય તો, કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે)

અધિકૃત અધિકારી,
ઈંડિયન બેંક.